Web Site

Dec-2014

# Apprentice TRAINING Programme

........................................................................................................................

અત્રેની સંસ્થામાં એપ્રેન્ટીસ એક્ટ - ૧૯૬૧ પ્રમાણે એપ્રેન્ટીસની ભરતી કરવામાં આવે છે. તેમની આ ભરતી સામાન્ય રીતે વર્ષમાં ચાર સમયગાળા દરમ્યાન કરવામાં આવતી હોય છે. આ સમયગાળો નીચે પ્રમાણે હોય છે.

**1. 16th January to 15th April**

**2. 16th April to 15th July**

**3. 16th July to 15th October**

**4. 16th October to 15th January**

**ITI NCVT COURSE પાસ ઉમેદવારો માટે એપ્રેન્ટીસશીપનો સમયગાળો નીચે પ્રમાણે હોય છે.**

- એક વર્ષનો ITI Course કરેલ હોય તો એપ્રેન્ટીશીપ ૨ વર્ષ માટે કરવી પડતી હોય છે. (COPA/PASAA સિવાય)
- બે વર્ષનો સમયગાળો માટે ITI Course કરેલ હોય તો એપ્રેન્ટીસ ૧ વર્ષ માટે કરવાની હોય છે.

**SCVT અથવા GCVT માંથી થી ITI પાસ કરેલું હોય તો**

- એપ્રેન્ટીસશીપનો સમયગાળો NCVT ઉમેદવારો કરતા સામાન્ય રીતે એક વર્ષ વધારે હોય છે અથવા તો સરકારશ્રી ના નિર્દેશ પ્રમાણે અમલમાં આવશે જે નીચે જણાવેલ Table પ્રમાણે છે.
- એપ્રેન્ટીસશીપ કરવા માટે ઓછામાં ઓછી ઉંમર ૧૭ વર્ષ હોવી જરૂરી છે.

## સંસ્થામાં જુદાજુદા ટ્રેડ પ્રમાણે એપ્રેન્ટીસશીપ પ્રોગ્રામ ચાલે છે. જેની માહિતી નીચે મુજબ છે.

| The Gujarat Cancer & Research Institute – Ahmedabad | | | | | Institute Registration Code with ITI =17000 | | |
|---|---|---|---|---|---|---|---|
| Trade wise position sanction post for Apprentice Recruitment | | | | | | | |
| No | Trade Name | Sanction Posts | E-ITI N-NON ITI | Trade Code | Course at ITI | Apprentice Period NCVT Candidate | Apprentice Period SCVT or GCVT Candidate |
| 1 | Draughtsman Civil (NCVT & GCVT Both) | 2 | E-ITI | 211 | 2 Year | 1 Year | 2–Year |
| 2 | Carpenter (NCVT & GCVT Both) | 2 | E-ITI | 151 | 1 Year | 2 Year | 2–Year & 6- Month |
| 3 | Mechanic (Diesal) (12th Pass + ITI) (NCVT & GCVT Both) | 1 | E-ITI | 203 | 1 Year | 2 Year | 2 – Year & 6- Month |
| 4 | Electronic Mechanic (NCVT & GCVT Both) | 2 | E-ITI | 341 | 2 Year | 1 Year | 2- year |
| 5 | Wireman (NCVT & GCVT Both) | 2 | E-ITI | 149 | 2 Year | 1 Year | 2-year |
| 6 | Electrician (NCVT & GCVT Both) | 2 | E-ITI | 143 | 2 Year | 1 Year | 2- year |
| 7 | Mechinical Refrigrator & Aircondition (RFM) (NCVT & GCVT Both) | 2 | E-ITI | 191 | 2 Year | 1 Year | 2 Year |
| 8 | Plumber (Min Qualification Std - 8th Pass + ITI) (NCVT & GCVT Both) | 2 | E-ITI | 154 | 1 Year | 2 Year | 2- Year & 6 –Month |
| 9 | Mechinic Medical Equipments Repairer for Hospital & Occupation Health Cancer (for Operation Theater) (Qualification Sci. HSC) | 1 | E-ITI | 432 | Non ITI | 2 Year | |
| 10 | House Keeper | 1 | E-ITI | | Non ITI | 1 Year | |
| 11 | Programming & System Administrative Assistant (PASAA/COPA) | 22 | E-ITI | 403 | 1 Year | 1 Year | |
| 12 | Medical Laboratory Technician (Radiology) Non ITI (B.Sc with Physics) Non ITI | 12 | Non-ITI | 480 | Non ITI | 6 Month | |
| 13 | Medical Laboratory Technician (Cardiology & Physiotherapy) Non ITI | 3 | Non-ITI | 481 | Non ITI | 6 Month | |
| 14 | Medical Laboratory Technician (Pathology) Non ITI (B.Sc + MLTC) Non ITI | 15 | Non-ITI | 479 | Non ITI | 6 Month | |
| | Total Sanctioned Post | 69 | | | | | |

## ભરતી પ્રક્રિયા

- આ પ્રમાણેની Trade wise તમામ પોસ્ટો વહેલા તે પહેલાના ધોરણે યોગ્ય ઉમેદવારને પસંદ કરી ભરવામાં આવે છે.
- આ ઉપરાંત જો ખાલી જગ્યા ન ભરાય તો ITI ધ્વારા યોજવામાં આવતા ભરતીમેળા માંથી પણ યોગ્ય ઉમેદવારો મેળવવામાં આવે છે.
- આ ઉપરાંત જે તે ITI માંથી ભલામણપત્ર લઇને આવનારા ઉમેદવારો પાસેથી તથા સીધા જ અરજી લઇને આવનારા ઉમેદવારોની પણ પસંદગી કરવામાં આવે છે

## પસંદગી પ્રક્રિયા

યોગ્ય ઉમેદવારોની પસંદગી થયા પછી તેઓને સંસ્થા તરફથી નિમણૂક પત્રઆપવામાં આવે છે. નિમણૂક કરતી વખતે તેઓએ પોતાનુ ઓરીજનલ લીવીંગ સર્ટીફીકેટ તેમજ I.T.I પાસીંગ સર્ટીફીકેટ સંસ્થામાં જ્યાંસુધી કોર્ષ પૂર્ણ ના થાય ત્યાં સુધીજમા રાખવું પડશે.

## કોન્ટ્રાક્ટ

એપ્રેન્ટીસ એક્ટ ૧૯૬૧ પ્રમાણે પસંદગી થયેલ ઉમેદવારે કોન્ટ્રાક્ટ સાઇન કરવો પડે છે. આ કોન્ટ્રાક્ટ ટ્રાઇ-પાર્ટી કોન્ટ્રાક્ટ કહેવાય છે. આ કોન્ટ્રાક્ટ એપ્રેન્ટીસ ઉમેદવાર અને એપ્રેન્ટીસમાં રાખનાર સંસ્થા તથા આઇ.ટી.આઇ. એપ્રેન્ટીસ ઓથોરીટી વચ્ચે થતો હોય છે.

## સંસ્થાના નીતિ-નિયમો

એપ્રેન્ટીસમાં નિમણૂક પામેલ ઉમેદવારે સંસ્થાના જે તે સામાન્ય નિતી નિયમોનું પાલન કરવાનું હોય છે. જેમ કે,

- સંસ્થામાં આવવા તથા જવાનો ટાઇમ
- હાજરીપત્રકમાં સહીં કરવી.
- નિયમો પ્રમાણે રજાઓ મૂકવી
- પોતાના ઉપરી અધિકારીઓના આદેશનું પાલન કરવું વગેરે

## સ્ટાઇપેન્ડ .

- એપ્રેન્ટીસમાં નિમણૂક પામેલ ઉમેદવારનેભારત સરકાર તરફથી વખતો વખત બહાર પાડવામાં આવતાં રાજપત્ર (THE GAZETTE OF INDIA) મુજબ સંસ્થા તરફથી સ્ટાઇપેન્ડ ચૂકવવામાં આવે છે.

## મળવાપાત્ર રજાઓ

- એપ્રન્ટીસશીપના સમયગાળા દરમ્યાન વર્ષમાં નીચે પ્રકારની રજાઓ મળવાપાત્ર થાય છે.

  ૧૭ = પ્રાસંગિક રજાઓ (Casual Leave)

  ૧૫ = માંદગીની રજાઓ (Medical Leave)

  ૧૦ = હક રજાઓ (Earn Leave)

  ઉપરોક્ત તમામ રજાઓ વિભાગના વડાની પૂર્વ મંજૂરી લીધા પછી ભોગવવાની થશે

## ટ્રેનીંગ પ્રોગ્રામ

- સંસ્થામાં નિમણૂક પામેલા જુદાજુદા ટ્રેડના એપ્રેન્ટીસના વિદ્યાર્થીઓની નિમણૂક સંસ્થાના જુદાજુદા વિભાગો જેવા કે વહીવટી વિભાગ, સ્ટોર વિભાગ, એકાઉન્ટ વિભાગ, પેથોલોજી વિભાગ, રેડીયોલોજી વિભાગ, ફાર્મસી વિભાગ, એન્જીનયરીંગ વિભાગમાં ટ્રેનીંગ માટે કરવામાં આવેલી હોય છે. તે મુજબ જે તે વિભાગમાં કામની તાલીમ મેળવવાની રહેશે

## ITI N.C.V.T. પરીક્ષા

- સંસ્થામાંથી એપ્રેન્ટીસ પૂર્ણ કર્યા પછીITI તરફથી NCVT પરીક્ષા લેવામાં આવે છે અને તેમાં પાસ થનાર વિદ્યાર્થીઓને ITI તરફથી NCVT પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- પરંતુ આ પરીક્ષામાં બેસવા માટે એપ્રેન્ટીસશીપ દરમ્યાન ઓછામાં ઓછી૮૦% હાજરી હોવી જરૂરી છે.
- સામાન્ય રીતે આ પરીક્ષામાં બેસવા માટેના ફોર્મ March અને September મહિનામાં ભરવાના થતા હોય છે.
- આ ભરેલ ફોર્મ ITI ના નિયમ મુજબ જે તે ITI ના ઓફિસ કામના કલાકો દરમ્યાન જરૂરી ફી ભરી જમા કરાવવાના હોય છે.

## સંસ્થા તરફથી સર્ટીફીકેટ

- એપ્રેન્ટીસશીપનો સમયગાળો પૂરો થયા પછી અત્રેની સંસ્થા તરફથી એપ્રેન્ટીસશીપ પૂણ કર્યા અંગેનું સર્ટીફીકેટ આપવામાં આવે છે. જે સર્ટીફીકેટ તેમને ભવિષ્યમાં બહારની કંપનીઓમાં તથા સરકારી સંસ્થાઓમાં નોકરી મેળવવામાં મદદરૂપ થાય છે.

**એન.ટી.ચાવડા**
**હોસ્પિટલ એડમીનીસ્ટ્રેટર**